વિદાય લેતા પો.કમિ. અનુપમસિંહ ગહલૌતે સુરતીઓને બિરદાવ્યા

# પોલીસની સફળતામાં સુરતીઓનો સહકાર મોટો રહ્યો: પો.કમિ. ગહલૌત



**સુરતીઓના** કારણે જ કાર્યકાળ દરમિયાન એકપણ દિવસ કઠીન રહ્યો નથી

**સુરતીઓની** જતુ કરવાની ભાવના એ મૂળ સ્વભાવ, સુરતીઓની ઈમેજ મારા માટે ખૂબ સારી રહી

સુરતઃ સુરત પોલીસની સફળતામાં સુરતના લોકોનો સહકાર અભિન્ન અંગ બની રહ્યો છે. લોકોના સહકારથી શહેર પોલીસ સફળતા તરફ આગળ ધપી રહી છે તેમ કહેવાની સાથે તાજેતરમાં અમદાવાદ બદલી પામેલા સુરતના પો.કમિ. અનુપમ સિંહ ગહલૌતે પત્રકારો સાથેની વાતચીતમાં સુરત શહેરમાં તેમના કાર્યકાળના જીવનભર યાદ રહી જાય તેવા સંસ્મરણોને જણાવી પ્રજાના સહકારને બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સુરત પોલીસ કાયદાની સાથે સામાજિક અને પારિવારિક જવાબદારીઓ પણ એટલી જ નિષ્ઠાથી નિભાવે છે. સુરતીઓના સહકારને કારણે જ તેમના કાર્યકાળ દરમિયાન એક પણ દિવસ કઠીન રહ્યો નથી. સુરતના લોકોની છબી પોતાનામાં મનમાં ખૂબ સારી હોવાનું કહી તેમણે ઉમેર્યું હતું કે, જતું કરવાની ભાવના એ સુરતીઓનો મૂળ સ્વભાવ છે.

## 'હસ્તી'થી લઈને વ્યાજખોરી મુક્તિ સુધીની સફર

પોલીસ કમિશનરે પોલીસની સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ આપતા 'હસ્તી' નામની બાળકીનો કિસ્સો યાદ કર્યો હતો. ડિંડોલી વિસ્તારમાં કડકતી ઠંડીમાં મળી આવેલી આ માસૂમ બાળકીને સાચવવાથી લઈને તેને એક સારા પરિવારમાં દત્તક અપાવવા સુધી પોલીસે જે ભૂમિકા ભજવી, તે તેમની જિંદગીની સૌથી યાદગાર કામગીરી બની રહી છે. આ ઉપરાંત, વ્યાજખોરોની ચુંગાલમાંથી કેટલાય પરિવારોને મુક્ત કરાવવાની મુહિમને પણ તેમણે સંતોષ સાથે યાદ કરી હતી.

## CCTV માટે ૨૫ લાખ માંગ્યા, સુરતીઓએ ૭૫ લાખ આપ્યા!

સુરત શહેરની સુરક્ષા વ્યવસ્થાને ટેક્નોલોજી અને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા માટે જ્યારે પોલીસ કમિશનરે સુરતીઓ પાસે ૨૫ લાખ રૂપિયાના ફંડની અપેક્ષા રાખી હતી, ત્યારે સુરતના દિલદાર નાગરિકોએ તેનાથી ત્રણ ગણું એટલે કે ૭૫ લાખથી વધુનું ફંડ એકત્ર કરી આપીને પોલીસ પ્રત્યેનો પોતાનો અતૂટ વિશ્વાસ સાબિત કર્યો હતો.

## ગુમ થયેલાં ૧૬૦૦+ બાળકોમાંથી ૯૫% ને શોધ્યા

સુરત પોલીસે તેમના કાર્યકાળ દરમિયાન ગુમ થયેલા ૧૬૦૦થી વધુ બાળકોમાંથી ૯૫ ટકા બાળકોને શોધી કાઢીને તેમના પરિવાર સાથે મિલન કરાવ્યું છે. જો કે, હજુ પણ ૨ થી ૩ બાળકો એવા છે જે મળી શક્યા નથી. પોલીસ કમિશનરે આ બાળકોના ફોટા કાયમ પોતાના ટેબલ પર રાખ્યા છે, જેથી પોલીસ સતત તેમની શોધખોળ માટે સક્રિય રહે અને તેમને ટકોર મળતી રહે.

## કાયદાના પાલનમાં સુરતીઓ નં. ૧: હેલ્મેટનો નિયમ આવતા જ ૨૪ કલાકમાં ૯૦% લોકો સજ્જ

કમિશનરે જણાવ્યું કે શરૂઆતમાં જ્યારે ટ્રાફિક સિગ્નલ શરૂ કરવાનો વિચાર માત્ર વહેતો થયો, ત્યાં જ લોકોએ સ્વયંભૂ સિગ્નલ ફોલો કરવાનું શરૂ કરી દીધું હતું. એટલું જ નહીં, જ્યારે હેલ્મેટનો કાયદો આવ્યો ત્યારે માત્ર ૨૪ કલાકમાં જ ૯૦ ટકા સુરતીઓ હેલ્મેટ પહેરીને ડ્રાઇવ કરતા જોવા મળ્યા હતા, જે કોઈ પણ પોલીસ વડા માટે અત્યંત ગર્વની બાબત છે. તહેવારો કે સેલિબ્રિટી બંદોબસ્ત ક્યારેય પણ પોલીસ માટે ભારરૂપ બન્યો નથી.

## પોલીસ પણ સવારે ભગવાનને પ્રાર્થના કરીને ફરજ પર આવે છે

મુલાકાતના અંતે તેમણે એક માનવીય પાસું રજૂ કરતા ભાવુક સુરે જણાવ્યું કે, 'પોલીસ કર્મચારી ગમે તેટલો કડક હોય, પણ જ્યારે તે સવારે ઘરની બહાર ફરજ પર નીકળે છે ત્યારે ભગવાનને એક જ પ્રાર્થના કરે છે કે - 'હે પ્રભુ, આજે શહેરમાં કોઈ મોટી અપ્રિય ઘટના ન બને અને હું સાંજે હેમખેમ મારા પરિવાર પાસે પાછો આવી જાવ.સુરતના લોકોના સહકારથી એક પણ કઠિન દિવસ કાર્યકાળ દરમિયાન જીવનો વારો આવ્યો નથી.સુરતના લોકોના અદભુત સહકાર બદલ તેમણે સમગ્ર સુરત નગરીનો આભાર માન્યો હતો.

## સુરતીઓની ફ્રીડમ અને અનોખી લાઈફસ્ટાઈલ

સુરતના વખાણ કરતા તેમણે ઉમેર્યું કે, "સુરત એક એવું શહેર છે જ્યાં અદભુત ફ્રીડમ મળે છે. અહીં ખુલ્લી જગ્યાઓ વ્યાપક છે. પરિવાર સાથે ગાડી પાર્ક કરીને આરામથી આઇસ્ક્રીમ ખાવાની મજા હોય કે પછી ડુમસ બીચ પર ગુજરાતી સાંજ હોય, સુરતમાં બધે જ મોકળાશ જોવા મળે છે." પ્રજાની દેશભક્તિ અને ભારત-પાકિસ્તાનની મેચમાં જીત બાદ ભાગળ ચાર રસ્તા પર સુરતીઓ દ્વારા કરાતી ભવ્ય ઉજવણી પણ તેમના હૃદયમાં કાયમ માટે અંકિત થઈ ગઈ છે.

# નાસીરનગરનું ડિમોલિશન ગેરકાયદે મહાપાલિકાનું હાઈકોર્ટમાં સોગંદનામું

**અગાઉ** સંબંધિત જમીનના વિકાસ માટે પીવીસી માંગવામાં આવ્યું હતું, જેનો ઈન્કાર કરાયો હતો

**આ જગ્યા** પર માત્ર ડિમાર્કેશનની કામગીરી કરવાની હતી પરંતુ ગેરકાયદે તોડફોડ થઈ

**પાંચ** અધિકારીઓને સસ્પેન્ડ કર્યાનું પણ મનપાએ હાઈકોર્ટમાં સ્વીકાર્યું



અમદાવાદ : સુરતના વેડ રોડ સ્થિત નાસીરનગરમાં થયેલા વિવાદાસ્પદ મકાન તોડકાંડ કેસમાં હાઈકોર્ટમાં સુરત મહાનગરપાલિકાએ સોગંદનામા દ્વારા તોડફોડ ગેરકાયદે હોવાનું સ્વીકારી લીધું છે. સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે કોર્ટમાં રજૂ કરેલા સોગંદનામામાં જણાવ્યું કે સંબંધિત જમીનના વિકાસ માટે માંગવામાં આવેલ પ્લોટ વેલિડેશન સર્ટિફિકેટ અગાઉ નકારવામાં આવ્યું હતું. માત્ર ડિમાર્કેશનની પ્રક્રિયા હાથ ધરવાની હતી, પરંતુ તે દરમિયાન ગેરકાયદે તોડફોડ થઈ ગઈ હતી. આ ઘટનાની તપાસ માટે રચાયેલી સમિતિના અહેવાલ બાદ સ્થળ પર હાજર રહેલા પાંચ અધિકારીઓને વિભાગીય કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું પણ કોર્ટે નોંધ્યું. વિસ્થાપિત પરિવારો માટે કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હોવાનું પણ મહાનગરપાલિકાએ જણાવ્યું છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે ગેરકાયદે ડિમોલિશનથી અસરગ્રસ્ત થયેલા લોકોને યોગ્ય રીતે પુનર્વસિત કરવાની જવાબદારી કોર્પોરેશનની છે. રાજ્ય સરકારને સમગ્ર ઘટનામાં પોતાનું વલણ સ્પષ્ટ કરતું સોગંદનામું રજૂ કરવા માટે પણ સમય આપવામાં આવ્યો છે. કેસની આગામી સુનાવણી હવે 9 જુલાઈ, 2026ના રોજ હાથ ધરાશે.

# સુરતમાં 10 ફૂટથી ઊંચાં 5 હજાર વૃક્ષોનું વાવેતર થશે

**લીમડો,** બોરસલ્લી, તબુચિયા સહિત 12 જાતનાં વૃક્ષોની ખરીદી માટે રૂ.13.12 લાખના યુનિટ રેટની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ

સુરતઃ પર્યાવરણ સંરક્ષણ અને શહેરમાં ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ સાથે સુરત મહાનગરપાલિકાએ આ વર્ષે મોટા કદનાં વૃક્ષોના વાવેતર પર વિશેષ ભાર મૂક્યો છે. ચોમાસા દરમિયાન શહેરના વિવિધ બગીચાઓ, માર્ગો અને જાહેર સ્થળોએ 10 ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા કુલ 5,000 વૃક્ષ વાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે રૂ.13.12 લાખના યુનિટ રેટને મંજૂરી આપવા અંગેની દરખાસ્ત શનિવારે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે.

પાલિકાના ચાલુ વર્ષના બજેટમાં પર્યાવરણ અને ગ્રીન એનર્જીને પ્રાથમિકતા આપવામાં આવી છે. વિવિધ ઝોનમાં ઓક્સિજન પાર્ક વિકસાવવાની યોજના સાથે એવાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે, જે વધુ ઓક્સિજન આપે અને ઝડપથી હરિયાળી ઊભી કરે. સામાન્ય રોપાઓને બદલે 10 ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતાં વૃક્ષો વાવવાથી હરિયાળીનો લાભ તાત્કાલિક મળશે તેમજ વૃક્ષોના જીવંત રહેવાનો દર પણ વધુ રહેશે. ખરીદી થનારાં વૃક્ષોમાં લીમડો, બોરસલ્લી અને તબુચિયાના 1,000-1,000 વૃક્ષોનો સમાવેશ થાય છે. ઉપરાંત પીપળો, કદંબ, ગરમાળો, સપ્તપર્ણી, અર્જુન, પંગારો, પારસ પીપળી, સુલતાન ચંપા અને કરંજ સહિત કુલ 12 જાતનાં 5,000 વૃક્ષ ખરીદવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી મળ્યા બાદ ખરીદી પ્રક્રિયા શરૂ કરી ચોમાસા દરમિયાન શહેરભરમાં વૃક્ષારોપણ હાથ ધરવામાં આવશે.

# પાંડેસરા GIDCમાં વીજ કરંટ લાગતા યુવાનનું મોત

સુરતઃ મૂળ બિહારના વતની 35 વર્ષીય શનિકુમાર સિયારામ સવાજી હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલા ગણેશનગરમાં રહેતો હતો. તે પાંડેસરા જીઆઈડીસી પ્રતિભા ચોકડી પાસે આવેલ સુમિત સિલ્ક મિલમાં જેટ મશીનના ઓપરેટર તરીકે નોકરી કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેમણે સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. બુધવારે મોડી રાત્રે તે મિલમાં નોકરી પર હતો.

દરમિયાન તે જેટ મશીન ચાલુ કરવા જતા તેને ઈલેક્ટ્રિક કરંટ લાગ્યો હતો. જેથી તે ત્યાં જ ઢળી પડ્યો હતો. બનાવને પગલે મિલના અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા અને તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

# પાંચમા માળેથી લિફ્ટ તૂટતાં 3 શ્રમિક ઘાયલ

**સવારે** કોલકાતાથી કામે આવેલા ત્રણેય યુવક સ્મીમેર હોસ્પિટલમાં સારવાર હેઠળ

સુરતઃ અમરોલી વિસ્તારમાં બુધવારે બપોરે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. શ્રીરામ ચોકડી નજીક આવેલા હોટફિક્સના ખાતામાં પાંચમા માળેથી ગુડ્સ લિફ્ટ અચાનક તૂટી પડતાં તેમાં સવાર ત્રણ યુવાન લિફ્ટ સાથે નીચે પટકાયા હતા. અકસ્માતમાં ત્રણેયને પગ સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓ સારવાર હેઠળ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કોલકાતાના રહેવાસી 22 વર્ષીય નુર મોહમંદ રીયાઉલ સરદાર, 25 વર્ષીય નાસીર મોતી ગાજી અને 25 વર્ષીય કદમ અલી ઈફિઝુલ ગાજી બુધવારે સવારે જ કામ માટે વતનથી સુરત આવ્યા હતા. બપોરના સમયે તેઓ અમરોલીના શ્રીરામ ચોકડી પાસે આવેલા હોટફિક્સના ખાતામાં લિફ્ટ મારફતે પાંચમા માળે જઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક લિફ્ટની તકનીકી ખામી સર્જાતા તે પાંચમા માળેથી સીધી નીચે ધડાકાભેર તૂટી પડી હતી. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્રણેય કામદારને પગ સહિતના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં એક પછી એક એમ ઓપરેશન કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. હાલ ત્રણેય યુવકોની હોસ્પિટલમાં દાખલ કરીને સારવાર ચાલી રહી છે. ઘટનાને લઈને લિફ્ટની જાળવણી અને સલામતી વ્યવસ્થાને લઈને પણ અનેક સવાલો ઊભા થયા છે.

# સ્માર્ટ સિટીનો કીચડપથ, શાળાનાં બાળકોને ખભા પર બેસાડવા પડે છે

**ડિંડોલી** શિવકૃપા નગરમાં 20 દિવસથી રોડનું પુરાણ નહીં થતાં 1,000થી વધુ રહીશો ત્રાહિમામ

**બહારના** રસ્તાઓ પર ભૂવા અને આંતરિક રસ્તાઓમાં લોલમલોલ



સુરતઃ સ્માર્ટ સિટી અને ગ્લોબલ સિટીના દાવા કરતી સુરત મહાનગરપાલિકાની કામગીરી સામે ડિંડોલીના શિવ કૃપા નગર વિસ્તારમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. ડ્રેનેજ લાઈન નાખવા માટે કરાયેલા ખોદકામને 20 દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં રોડનું પુરણ કે પુનઃનિર્માણ કરવામાં ન આવતા સમગ્ર વિસ્તારમાં કીચડનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. સૌથી વધુ મુશ્કેલી શાળાએ જતાં બાળકો અને તેમના વાલીઓને પડી રહી છે. નાના બાળકો કીચડમાંથી ચાલી શકે તેવી સ્થિતિ ન હોવાથી વાલીઓને તેમને ખભા પર બેસાડીને અથવા ઊંચકીને શાળાએ પહોંચાડવા જવું પડી રહ્યું છે.

કીચડના કારણે કેટલાક બાળકો શાળાએ જઈ શકતા નથી, જેના કારણે તેમના અભ્યાસ પર પણ અસર પડી રહી છે. આ જ રસ્તેથી રોજ અવરજવર કરતા નોકરિયાતો, શ્રમિકો અને વાહનચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કીચડના કારણે અનેક દ્વિચક્રી વાહનચાલકો લપસી પડ્યાના બનાવો સામે આવ્યા છે.સ્થાનિક રહીશ દિનેશકુમાર ચૌબેએ જણાવ્યું હતું કે, ગટર લાઈનના કામ બાદ એટલો કીચડ થઈ ગયો છે કે બાળકોને ખભા પર બેસાડીને શાળાએ લઈ જવું પડે છે. જ્યારે ભારત ગેસના કર્મચારી નિમ્બા જગન્નાથ પાટીલે જણાવ્યું હતું કે, રોજ ગેસ સિલિન્ડર પહોંચાડતી વખતે ભારે મુશ્કેલી પડે છે.

# મુંબઈના વી.પી. કન્સ્ટ્રક્શનના ભાગીદારને ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્ન કેસમાં મુંબઈના રહીશ આરોપી વી.પી.કન્સ્ટ્રક્શનના ભાગીદાર સચિન વસંત વાલંજુને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. કામરેજ નવી પારડીની લાઈટકોન ઈન્ડસ્ટ્રિયલ પાસેથી વી.પી.કન્સ્ટ્રક્શન પેઢીના ભાગીદાર સચિન વસંત વાલંજુએ એ.એ.સી બ્લોકની ખરીદી કરી હતી. જે પેટે આપેલા ચેકો રિટર્ન થતાં લાઈટકોન ઈન્ડસ્ટ્રિયલ કંપનીના ડો.રાજેશભાઈ બાબુભાઈ નારિયાએ એડ્વોકેટ નરેશ નાવડિયા, ભાવેશ નાવડિયા, સંદીપ માંગુકિયા દ્વારા કોર્ટમાં ફરિયાદ કરી હતી. આ કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપી વી.પી. કન્સ્ટ્રક્શનના ભાગીદાર સચિન વાલંજુને તકસીરવાન ઠરાવી 1 વર્ષની કેદની સજા અને ચેકની રકમ રૂ.3,17,568 વ્યાજ સાથે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

ધોધમાર વરસાદે ખોલી તંત્રની પોલ

# કડોદરા-પલસાણામાં ખાડીનું લાલ કેમિકલયુક્ત પાણી ઘરોમાં ઘૂસ્યું

**કેમિકલયુક્ત** પાણીથી લોકોને ચામડીમાં ખંજવાળ અને બળતરાની ફરિયાદ

સુરતઃ ધોધમાર વરસાદના કારણે ખાસ કરીને પલસાણા અને કડોદરા વિસ્તારમાં આવેલી ખાડીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી પાણી સાથે ખાડીઓમાંથી અચાનક લાલ રંગનું કેમિકલયુક્ત પાણી બહાર આવતાં સમગ્ર વિસ્તારના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. આ પાણી રસ્તાઓ પર ફરી વળ્યું હતું અને અનેક રહેણાંક વિસ્તારોમાં ઘરો સુધી પહોંચી ગયું હતું. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ લાલ પાણીના સંપર્કમાં આવ્યા બાદ પગમાં ખંજવાળ, ચામડીમાં બળતરા અને ચચરાટ જેવી તકલીફો અનુભવાઈ રહી છે. જો આ દાવા સાચા હોય તો તે ગંભીર જાહેર આરોગ્યનો મુદ્દો બની શકે છે. આવા સંજોગોમાં સંબંધિત વિભાગોએ માત્ર સ્થળ મુલાકાત પૂરતી કાર્યવાહી નહીં, પરંતુ પાણીના વૈજ્ઞાનિક નમૂનાઓ લઈ પ્રમાણભૂત લેબોરેટરીમાં તેની તપાસ કરાવવી જરૂરી છે. ભારે વરસાદ કુદરતી આપત્તિ હોઈ શકે છે, પરંતુ જો ઔદ્યોગિક વિસ્તારોમાંથી કેમિકલયુક્ત પાણી વરસાદી પાણીમાં ભળીને જાહેર રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો સુધી પહોંચતું હોય તો તે માત્ર પર્યાવરણનો નહીં, પરંતુ લોકોના આરોગ્ય અને સુરક્ષાનો પણ ગંભીર પ્રશ્ન છે. હવે માત્ર સેમ્પલ લેવાની ઔપચારિકતા પૂરતી નથી, પરંતુ જવાબદાર ઉદ્યોગો સામે કડક કાર્યવાહી, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાની સમીક્ષા અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ સમયની માંગ બની છે.

## રાજકીય નેતાના ઇશારે સેમ્પલના નમૂના જ દબાવી દેવાયાં?

ગયા વર્ષે પણ આવી જ ઘટના સુરત શહેરની અંદર સામે આવી હતી, પરંતુ પાણીના નમૂનાઓ લેવાની અને તપાસ કરવાની પ્રક્રિયા બાદ સમગ્ર મામલો આગળ વધ્યો નહીં. એવી પણ ચર્ચા છે કે એક રાજકીય નેતાના ઇશારે સેમ્પલના નમૂનાના રિપોર્ટ જ જાહેર થયા નથી. જોકે જો દર વર્ષે સમાન પ્રકારની ઘટના બની રહી હોય તો સંબંધિત તંત્રે પારદર્શક તપાસ કરી તેના અહેવાલ જાહેર કરવા જોઈએ, જેથી લોકોમાં વિશ્વાસ જળવાઈ રહે.

# કાચા માલના ભાવમાં ભારે ઘટાડો છતાં POYમાં માત્ર રૂ.3 પ્રતિ કિલો ઘટાડો

**MEGમાં** રૂ.14.20 અને મેલ્ટમાં રૂ.10.35 પ્રતિ કિલોનો ઘટાડો છતાં ઉત્પાદકોએ મર્યાદિત રાહત આપી

**કસ્ટમ** ડ્યૂટી છૂટ 15 જુલાઈ સુધી લંબાવા છતાં સંપૂર્ણ લાભ હજુ મળ્યો નથી

સુરતઃ પોલિએસ્ટર યાર્ન ઉદ્યોગ માટે મહત્વના કાચા માલના ભાવમાં જુલાઈના પ્રારંભે નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. 1 જુલાઈ, 2026થી અમલમાં આવેલા નવા દર મુજબ PTA રૂ.80.80 પ્રતિ કિલો પર યથાવત્ રહ્યું છે, જ્યારે MEGના ભાવમાં રૂ.14.20 પ્રતિ કિલોનો મોટો ઘટાડો થઈ તે રૂ.53.80 પ્રતિ કિલો થયો છે. ઉપરાંત પોલિએસ્ટર મેલ્ટના ભાવ રૂ.87.78 પ્રતિ કિલો થયા છે, જે અગાઉના દરની સરખામણીએ રૂ.4.83 પ્રતિ કિલો ઓછા છે.

સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી અને વિવર્સ અગ્રણી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, છેલ્લા દસ દિવસમાં મેલ્ટના ભાવમાં કુલ રૂ.10.35 પ્રતિ કિલોનો ઘટાડો નોંધાયો છે.

20 જૂને મેલ્ટનો ભાવ રૂ.98.03 પ્રતિ કિલો હતો, જે 27 જૂને રૂ.92.61 અને હવે 1 જુલાઈએ રૂ.87.78 પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. આટલા મોટા ઘટાડા છતાં POY, FDY અને અન્ય મધર યાર્નના ઉત્પાદકો દ્વારા માત્ર રૂ.3 પ્રતિ કિલોનો જ ભાવ ઘટાડો જાહેર કરવામાં આવતા ટેક્સટાઈલ ઉદ્યોગમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. ઉદ્યોગકારોનું માનવું છે કે કાચા માલના ભાવમાં રૂ.10થી વધુનો ઘટાડો થયો હોવાથી તેનો લાભ યાર્નના ભાવમાં પણ તાત્કાલિક અને વધુ પ્રમાણમાં મળવો જોઈએ.

બીજી તરફ, 30 જૂનથી સમાપ્ત થનારી કસ્ટમ ડ્યૂટી મુક્તિને કેન્દ્ર સરકારે 15 જુલાઈ, 2026 સુધી લંબાવી છે. ઉદ્યોગના જાણકારોના મતે આ છૂટ ચાલુ રહેવાના કારણે કાચા માલના ભાવમાં થયેલા ઘટાડાનો સંપૂર્ણ લાભ ઉત્પાદકો તરફથી હજુ ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવ્યો નથી.

આ દરમિયાન દેશની અગ્રણી ઉત્પાદક કંપનીઓએ પણ 1 જુલાઈથી POYના નવા ભાવ જાહેર કર્યા છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) એ તમામ ડેનિયર અને લસ્ટરમાં રૂ.3 પ્રતિ કિલોનો ઘટાડો કર્યો છે. નવા દર મુજબ ફાઈન ડેનિયર POY રૂ.115 પ્રતિ કિલો અને કોર્સ ડેનિયર રૂ.112 પ્રતિ કિલો રહેશે. તે જ રીતે ગાર્ડન કંપનીએ પણ તમામ ડેનિયર અને લસ્ટરમાં રૂ.3 પ્રતિ કિલોનો ઘટાડો જાહેર કર્યો છે. કંપનીના નવા દર મુજબ ફાઈન ડેનિયર POY રૂ.114 પ્રતિ કિલો અને કોર્સ ડેનિયર રૂ.111 પ્રતિ કિલો રહેશે.

# સંક્ષિપ્ત સમાચાર

## જીવનભારતીમાં 3 જુલાઈએ મહારક્તદાન શિબિરનું આયોજન

સુરતઃ શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા જીવનભારતીમાં શાળાની સ્થાપનાના 80 વર્ષ પૂર્ણ થવાના અવસરે જીવનભારતી સ્કૂલ એલ્યુમની એસોસિએશન દ્વારા શુક્રવાર, 3 જુલાઈએ સવારે 9થી બપોરે 3 વાગ્યા સુધી મહારક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત રક્તદાન કેન્દ્રના સહયોગથી યોજાનારી આ શિબિરમાં મોટી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને નાગરિકો રક્તદાન કરશે તેવી આયોજકોને આશા છે. શિબિરને સફળ બનાવવા માટે એલ્યુમનીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## સાર્વજનિક યુનિવર્સિટીએ પાંચ વર્ષની ગૌરવપૂર્ણ સફરની અનોખી ઉજવણી કરી



સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા સ્થાપિત સાર્વજનિક યુનિવર્સિટીએ તેની સ્થાપનાના સફળ પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર જૂન માસ દરમિયાન શૈક્ષણિક, સામાજિક અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમોની શ્રેણી યોજી અનોખી રીતે ઉજવણી કરી હતી. પ્રમુખ આશિષ વકીલના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક ચિંતન શિબિર, ઓપન ટેબલ ચર્ચાઓ, સ્કોલરશિપ વિતરણ, વૃક્ષારોપણ, રક્તદાન શિબિર તેમજ નવી સાર્વજનિક કોલેજ ઓફ લિબરલ આર્ટ્સના પ્રારંભ સહિત અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમો યોજાયા હતા. ઉજવણીનું સમાપન સંસ્થાના દાતાઓ અને પૂર્વ અધ્યક્ષોના સન્માન તથા ઋણસ્વીકાર સમારોહ સાથે કરવામાં આવ્યું. પદ્મ યઝદીભાઈ કરંજિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સમારોહમાં ડો. ફારુખભાઈ, સેવંતીભાઈ, ગિરીશભાઈ, પંકજભાઈ, કીર્તિભાઈ, કીકાણી પરિવાર, કેતનભાઈ સહિત અનેક દાતાઓ અને તેમના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. SCET કોલેજના પ્રથમ દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ કીર્તિભાઈ ખાસ મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા.

## એડ્વોકેટ પ્રીતિ જોષીની જિલ્લા પંચાયતની જાતીય સતામણીની કમિટીમાં નિમણૂક

સુરતઃ એડવોકેટ પ્રીતિ જોષીની જિલ્લા પંચાયતની જાતીય સતામણીની કમિટીમાં પુનઃ ત્રણ વર્ષ માટે સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. એડવોકેટ પ્રીતિ જોષી 32 વર્ષ ઉપરાંતથી વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને હાલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં પણ સભ્ય તરીકે વિજેતા બન્યા છે. હાલ સુરત જિલ્લા પંચાયત ખાતે "કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ" હેઠળ આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં તેમને સમાવાયા હતા.

## ભારત દેશ સંસ્કૃતિનાં મૂલ્યો, મર્યાદા અને સભ્યતાથી જાણીતો હતો: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ અંજુર ફાટા સ્થિર શંખેશ્વરધામ શ્વે.મૂ.પૂ.જૈન સંઘના આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે સત્સંગીઓને પ્રવચનધારામાં ભીંજવતા જણાવ્યું હતું કે, ભારત દેશ સંસ્કૃતિનાં મૂલ્યો, મર્યાદાઓ અને સભ્યતાઓનાં કારણે વિશ્વ માત્રમાં પ્રશંસાને પામ્યો હતો. પશ્ચિમનાં દેશોમાંથી આવેલા અંગ્રેજો અહીં મહિનાઓ સુધી અડીંગો નાંખીને રહેતા હતા. અહિંનું પવિત્ર પર્યાવરણ માંદા માણસને પણ વગર દવાએ સાજો કરી દે તેવું હતું. બારમાસી નદીઓ ખળખળ કરતાં વહેતી હતી. પાણીનો પ્રશ્ન ક્યારેય નહોતો. ઋતુચક્રમાં પણ નિયમિતતા હતી. ખેતરમાં સેન્દ્રિય ખાતરથી ઊગેલા અનાજમાં કુદરતી મીઠાસ હતી. છેલ્લાં ત્રણ-ચાર દાયકાથી વિકાસ અને પ્રગતિનાં સોહામણાં નામે ઘણી બધી આપત્તિઓ આ દેશ ઉપર ત્રાટકી છે. ફર્ટીલાઇઝર ખાતરે જમીનો બાળી નાંખી છે. આ ધરતી ઉપર હવે ઉદ્યોગોએ ડેરા તંબૂ તાણ્યા છે. જગતનો તાત ખેડૂત બેકાર બન્યો છે.

## રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડ ટાઉનના નવા પ્રમુખ તરીકે ડો. હિરલકુમાર શાહનો પદગ્રહણ



સુરતઃ રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન દ્વારા નવા રોટરી વર્ષ નિમિત્તે ભવ્ય પદગ્રહણ સમારોહનું આયોજન ૨૩મી જૂને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્લબના નવા પ્રમુખ તરીકે ડો. હિરલકુમાર શાહએ વિધિવત પદભાર સંભાળ્યો. સમારોહમાં ઇન્સ્ટોલેશન ઓફિસર તરીકે નિલેશભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડો. નિકુંજ વિઠલાની ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત પ્રમુખ ડો. હિરલકુમાર શાહએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રોટરીના આદર્શોને અનુસરી શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ તથા સમાજના વંચિત વર્ગોના કલ્યાણ માટે વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય અને લોકોપયોગી પ્રકલ્પો હાથ ધરવામાં આવશે.

## અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓને મહેંદી કળાની તાલીમ વર્ગ શરૂ



સુરત : અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલી સિટી લાઈટ સ્થિત મહારાજા અગ્રસેન એસએમસી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્યથી 'આત્મનિર્ભર અભિયાન-પ્રતિભાથી પ્રગતિ સુધી' કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. બુધવારે બપોરે યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત મહારાજા અગ્રસેન જીને પુષ્પ અર્પણ કરી અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી.અભિયાનના પ્રથમ તબક્કા વિશે માહિતી આપતા મહિલા શાખાના અધ્યક્ષ અનુરાધા જાલાને જણાવ્યું હતું કે,શાળાના ધોરણ 7 અને 8 ના અંદાજે 40થી 50 વિદ્યાર્થીઓ માટે એક મહિનાનો મહેંદી કલા તાલીમ વર્ગ શરૂ કરવામાં આવ્યો છે. સુરતના જાણીતા મહેંદી આર્ટિસ્ટ છાયાબેન દ્વારા વિદ્યાર્થીઓને મહેંદીની વિવિધ ડિઝાઇન અને બારીકાઈઓનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ટ્રસ્ટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની રચનાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપી, ભવિષ્યમાં તેમને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવાનો છે. આ પ્રસંગે મહિલા શાખાના આરતી મિત્તલ, સરોજ અગ્રવાલ, રાખી સિંગલ, સીમા કોકડા, નેહા અગ્રવાલ, અરુણા અગ્રવાલ અને શાલિની ગોયલ સહિતના સભ્યો ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

## સુરતથી અમરનાથ યાત્રા માટે 'ફ્રેન્ડ્સ ગ્રુપ'ના ૧૦૬ ભક્તો રવાના

સુરતઃ હર હર મહાદેવના ગગનભેદી જયઘોષ અને પવિત્ર શંખનાદ વચ્ચે સુરતથી અમરનાથ યાત્રા માટે ફ્રેન્ડ્સ ગ્રુપના ૧૦૬ ભક્તો ઉત્સાહભેર રવાના થયા હતા. આ મિત્ર મંડળ છેલ્લા સતત ૧૮ વર્ષથી નિયમિત રીતે અમરનાથ યાત્રા કરી રહ્યું છે. પ્રથમ દિવસે દર્શનનો લાભ મળે તે માટે મહિનાઓ અગાઉથી આયોજન, પ્રવાસ વ્યવસ્થા તેમજ શારીરિક તૈયારી કરવામાં આવે છે. ગ્રુપમાં વરાછા, કતારગામ, વેસુ, રાંદેર, ઓલપાડ, સિટીલાઇટ, પાંડેસરા, પાલ અને ડુમસ સહિત સુરતના વિવિધ વિસ્તારોના ભક્તો સામેલ થયા છે.

## શ્રી સુમોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળને 3 ચક્ષુદાન પ્રાપ્ત થયાં

સુરતઃ સુરતી મોઢ વણીક અડાજણ રાંદેર રોડ યુવક મંડળને જૂન માસ દરમિયાન ચક્ષુદાન પ્રાપ્ત થયા હતા. ચક્ષુદાતામાં સદગત શશીબેન રમેશભાઈ ભાઈદાસ, સદગત પ્રવીણચંદ્ર વ્રજલાલ ઓલીયાવાળા અને સદગત ચંદ્રિકાબેન ચંપકલાલ ભટ્ટનો સમાવેશ થતો હતો. મંડળ દ્વારા ચક્ષુદાન તેમજ કફનદાનની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.